

# જુનાડીસા હાઇવે ઉપર વગર વરસાદે પાણીની રેલમછેલ, પાઇપલાઇન લીકેજ થતા લાખો લીટર પાણીનો વેડફાટ

ડીસા તાલુકાના જુનાડીસા ગામના હાઈવે ઉપર પાઈપલાઈનમાં લીકેજ થતા છેલ્લા ચાર દિવસથી લાખો લીટર પાણીનો ખુલ્લેઆમ વેડફાટ થઈ રહ્યો છે. જેને લઈ લોકોમાં રોષ સાથે આક્રોશની લાગણી છવાઈ છે. ડીસા નજીકના જુનાડીસા ગામના હાઈવે ઉપરથી પાટણ અને છેક કાઠિયાવાડને જોડતો રોડ પસાર થાય છે. જે હાઈવે વિસ્તાર નાના- મોટા ધંધા- રોજગારથી ધમધમે છે પરંતુ આ વખતે અપૂરતા વરસાદ વચ્ચે છેલ્લા ચાર દિવસથી પાણીની પાઈપલાઈનમાં લિકેજને લઈ અમૂલ્ય પાણીનો જાહેરમાં વેડફાટ થઈ રહ્યો છે. વહોળા રૂપે વહેતુ આ પાણી દુકાનો આગળથી પસાર થાય છે તેથી કોરોનાની મહામારી વચ્ચે પારાવાર ગંદકીનું સામ્રાજ્ય છવાય છે. જેને લઈ રાહદારીઓ સાથે વાહન ચાલકોની પણ હાડમારીઓ વધી જવા પામી છે. લાખો લીટર પાણીના વેડફાટથી સ્થાનિક ગ્રામ પંચાયતનો વહીવટ વગોવાઈ રહ્યો છે. જેથી લોકોએ પંચાયતના સત્તાધીશોને લોક હિતના જરુરી કામોમાં રસ ન હોવાનો બળાપો ઠાલવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. પાણીના આ વેડફાટને ગંભીરતાથી લઈ તાલુકા વિકાસ અધિકારી સત્વરે ગામની મુલાકાત લઈ કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવો જનમત પ્રવર્તે છે.

### બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં

## વડાપ્રધાનના જન્મ દિને ઋષિકુમારો ધ્વારા મહા મૃત્યુંજય મંત્રથી વિશેષ પુજા અર્ચના કરાઈ

ભિલોડા,તા.૧૮

બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં ભારત દેશના વડાપ્રધાન, ગુજરાત રાજ્યના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મ દિન નિમિત્તે પ.પુ. અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસના સાંનિધ્યમાં ઋષિકુમારો ધ્વારા આશ્રમના અલૌકિક માહોલમાં મહા મૃત્યુંજય મંત્રથી વિશેષ પુજા અર્ચના કરાઈ હતી.આશ્રમનો માહોલ અંતરિક્ષ મહા મૃત્યંજય મંત્ર 'ૐ ત્રયમ્બકં યજામહે । સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્ । ઉર્વારૂકમિવ બન્ધનામ્ । મૃત્યોર્મુક્ષીયમામૃતાત્ ॥'ના મધુર જાપથી ગુંજી ઉઠ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે યજ્ઞનારાયણ મંદિર સામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ માટે ઋષિકુમારો ધ્વારા મહા મૃત્યુંજય જાપનું પ.પુ.આત્રેયભાઈ વ્યાસ ધ્વારા આયોજન કરાયું હતું.મહા મૃત્યુંજય મંત્રનો જાપ કરી વડાપ્રધાનના દીર્ઘાયુ આયુષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં અને કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઉકાળાનું વિતરણ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગ્રુપ, મંગલોદય સેવા પ્રતિષ્ઠા, એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં અને



કન્ટેઈનમેન્ટ ઝોનમાં આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ, એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજના લાલ દરવાજા, હુમ્મરકુવા, સોનીવાડા નાકા, દેસાઈની પોળ, કંસારા કુવા, ભાટવાડા સહિત પ્રાંતિજના કન્ટેઈનમેન્ટ ઝોનમાં અમૃત પેય ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જાયન્ટસ સ્થાપક ડાં. એન.કે. ડેરિયા, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજના અધ્યક્ષ સુનીલદાસજી મહારાજ, જાયન્ટ પ્રમુખ ડાં. કેયુરભાઈ પ્રજાપતિ, જાયન્ટસ મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, વજેશભાઈ ભાવસાર, હરેશભાઈ બારોટ, પીયુષભાઈ ભાવસાર, અનુજ પટેલ સહિત જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ઘરફોડ ચોરી કરી હાહાકાર મચાવતી ઘરબાડાની ચડ્ડી ગેંગ ઝડપાઈ

### પ્રાંતિજ પોલીસે ૩૫ ગુનાઓનો ભેદ ઉકેલ્યો : ૩ પકડાયા, ૩ની શોધખોળ ચાલુ : પકડાયેલી ગેંગના ૩ સભ્યો પાસેથી ૬૫ હજારનો મુદ્દામાલ કબ્જે લેવાયો

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા સહિત આઠ જિલ્લાઓમાં વર્ષોથી એક ચડ્ડીધારી ગેંગ યુક્તિ પ્રયુક્તિ વાપરીને ચોરીઓને અંજામ આપતી હતી. ત્યારે પ્રાંતિજ પોલીસે બે દિવસ અગાઉ બાતમીને આધારે દાહોદ જિલ્લાના ઘરબાડા ગેંગના ત્રણ સભ્યોને ગઢોડા પાસેથી ઝડપી લીધા હતા અને તેમની પાસેથી પુછપરછ બાદ અંદાજે રૂ. ૬૫ હજારની કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ પૂછપરછ કરતા આ અંગેના છ સાગરીતોએ ગુજરાતના અનેક ઠેકાણે ૩૫ થી વધુ ચોરીઓ કરી હોવાની કબુલાત કરી હતી.

આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીક તથા પ્રાંતિજના પી.આઈ. પી.એલ. વાઘેલા અને તેમની ટીમો વર્ષ ૨૦૧૯માં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બે ઠેકાણેથી મળી અંદાજે રૂ. ૬ લાખથી વધુના દાગીનાની ચોરી કરાયાની ફરીયાદ નોંધાયા બાદ પોલીસે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન થોડા દિવસ અગાઉ પ્રાંતિજ પોલીસને એવી બાતમી મળી હતી કે કેટલાક શકમંદો ગઢોડા પાસે કામ કરી રહ્યા છે. ત્યારબાદ પોલીસે તપાસ કરીને ગઢોડાના એન.જી. પ્લાન્ટ પાસે કામ કરતા વિજયકુમાર શકરાભાઈ બારીયા, મુમેશભાઈ રાયસીંગભાઈ બારીયા તથા મુકેશભાઈ દીપાભાઈ પલાસ ત્રણેય રહે. સરસોડા, તા. ઘરબાડા, જી. દોહાદ)ને ઝડપી લીધા હતા.

ત્યારબાદ પકડાયેલા આ ત્રણેય શખ્સોને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં લાવી તેમની વધુ પુછપરછ કરતા ઘરબાડાની આ ચડ્ડી ગેંગના ત્રણ સભ્યોએ ગુજરાતમાં અનેક ઠેકાણે કરેલી ચોરીઓ અંગે વિગતો જાહેર કરી હતી. પોલીસના જણાવાયા મુજબ પકડાયેલા આ શખ્સોએ અમદાવાદ શહેરના સોલા, વેજલપુર, પાલડી, કાલુપુર, સરખેજ, માધુપુરા, વાડજ અને કાગડાપીઠ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ વિવિધ સ્થળેથી વર્ષ ૨૦૧૯ દરમિયાન સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરી હતી. ઉપરાંત તેજ વર્ષમાં ગાંધીનગર જિવલ્લાના સાંતેજ બે, કલોલમાં ૧, ચિલોડામાં ૧ અને ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં પણ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઘરબાડા ગેંગના મુખ્ય સૂત્રધાર હજુ પોલીસના સકંજામાં આવ્યા નથી અને તેના બે સાગરીતો પણ ભાગતા ફરે છે જેથી પ્રાંતિજ પોલીસે તેમને પકડવા માટે ટીમોને જવાબદારી સોંપી છે. દરમિયાન વર્ષ ૨૦૨૦માં ઘરબાડા ચડ્ડી ગેંગના સભ્યોએ વડોદરા સીટીના પાણીગેટ, બાપોદ, મકરપુરા અનુ ગોત્રી વિસ્તારમાં પણ રોકડ તથા સોના-ચાંદીના દાગીનાની ચોરી કરીને હાહાકાર મચાવ્યો હતો. આ ગેંગે અમરેલી, નવસારી, ખેડા, સુરત સીટી સહિત પ્રાંતિજ તાલુકાના સિરામિક ઝોનમાંથી ચોરીઓ કરવાનો પ્રયાસ કર્યો હોવાનું પકડાયેલા ત્રણ સભ્યોએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી.

### ચડ્ડી ગેંગ સાથે પથ્થરો રાખતી હતી

ગુજરાતમાં અનેક ઠેકાણે મુખ્યત્વે સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરવાની માનસિકતા ધરાવતી હતી. આ ચડ્ડી ગેંગ જ્યારે ચોરી કરવા જાય ત્યારે શરીર પર ચડ્ડી સિવાય કોઈપણ વસ્ત્ર પહેરતા ન હતા તે પાછળનું કારણ એ છે કે ઓળખાઈ ના જવાય અને જો કોઈ જોઈ જાય તો તેના પર પથ્થરમારો કરવામાં આવતો હતો.

### પોલીસ કોને શોધી રહી છે

ઘરબાડાની ચડ્ડી ગેંગના મુખ્ય સૂત્રધાર પ્રકાશ દીતીયાભાઈ પલાસ, પંકજભાઈ મગનભાઈ પલાસ અને રઈલાભાઈ ઉર્ફે રઈલો કાળુભાઈ ઉર્ફે કાળીયા પલાસ (રહે. સરસોડા, તા. ઘરબાડા) પોલીસ પકડથી દુર છે. ત્યારે તેમને શોધવા માટે જિલ્લા પોલીસ વડાની સુચના બાદ પ્રાંતિજ પોલીસે ટીમો બનાવીને શોધખોળ હાથ ધરી છે.

### પકડાયેલા ત્રણ શખ્સો રોડનું કામ કરતા હતા

પ્રાંતિજ પોલીસે બાતમીને આધારે ગઢોડા પાસેથી જે ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા તે શખ્સો રોડનું કામ કરતા હોવાની કબુલાત કરી હતી. આ ગેંગના સભ્યો ચોરી કરતા અગાઉ જ્યાં ચોરી કરવાની હોય તે સ્થળની અગાઉથી રેકી કરીને કેટલીક માહિતી એકત્ર કરી લીધા બાદ ચોરીને અંજામ આપતા હતા.

## બનાસના દૂધ ઉત્પાદકોની જેમ ઉત્તરપ્રદેશના દૂધ ઉત્પાદકોને પણ ભાવફેર ચૂકવાયો

ખેડૂતોની આવક ડબલ કરવાનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર કરવાનું કામ બનાસ ડેરી થકી માત્ર બનાસકાંઠામાંજ નહીં પરંતુ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં પણ થઈ રહ્યું છે. પશુપાલકોને ભાવફેર રૂપે ૧૦૦૦ કરોડ રૂપિયા ચૂકવીને બનાસડેરીએ ઈતિહાસ સર્જ્યો છે ઉત્તરપ્રદેશના પશુપાલકો પણ એનાથી વંચિત રહ્યા નથી. ઉત્તર પ્રદેશના પશુપાલકોને પણ ૩૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ચુકવીને ત્યાંના ખેડૂતોને પણ આર્થિક પગભર કરવામાં બનાસ ડેરી યોગદાન આપી રહી છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીએ વેબીનારના માધ્યમથી બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી સહિતના સમગ્ર નિયામક મંડળને તેમજ એમ. ડી. આર. એસ. સોઢી અને ઉત્તરપ્રદેશના વિવિધ જિલ્લાઓના પશુપાલકો સાથે સંવાદ સાધ્યો હતો.

વેબીનારનો ઉદ્દેશ સ્પષ્ટ કરતા ય્ઝસ્સ્ફ્લના એમ.ડી. સોઢીએ જણાવ્યું કે ૩૬ લાખ કિસાનો સાથે જોડાયેલી અમૂલ ભારતની સૌથી મોટી ફૂડ કંપની છે અને બનાસ ડેરી તેની સૌથી મોટી સદસ્ય છે. જેનો દૂધનો હિસ્સો ૨૮ ટકા જેટલો છે. તેમણે જણાવ્યું કે ૨૦૧૭માં બનાસ ડેરીએ ૫૦૦ કરોડના ખર્ચે લખનૌ અને કાનપુરમાં બે ડેરીપ્લાન્ટ ઉભા કર્યા હતા જેનું ઉદ્દ્ઘાટન રાજ્યના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી દ્વારા કરવામાં આવેલું. આજે સેન્ટ્રલ યુ.પી.માંથી ૫ લાખ લીટર દૂધ તેમજ પશ્ચિમ યુ.પી.માંથી ૧ લાખ લીટર દૂધ બનાસડેરી સંપાદન કરી રહી છે અને રાજ્યના કિસાનોને ૮૦૦ કરોડ રૂપિયા ચૂકવી રહી છે. આવનારા સમયમાં ૨૦ લાખ લિટર પ્રતિ દિન દૂધની ખરીદી થશે અને ૧.૫ લાખ જેટલા વધારાના કિસાન પરિવારોને રોજગારી આપવાનું કામ બનાસ ડેરી થકી થનાર છે. વારાણસી અને પશ્ચિમ યુ.પી.માં બનાસ ડેરી દ્વારા બે પ્લાન્ટ ઊભા થનાર હોવાનું પણ તેમણે વિગતો આપી હતી. વર્ષ દરમિયાન જે પશુપાલકોએ બનાસ ડેરીમાં દૂધ ભરાવ્યું છે તેમને ભાવફેરના ૩૦ કરોડ રૂપિયા ચૂકવવાનો આજનો કાર્યક્રમ હોવાનું જણાવ્યું હતું.



અરવલ્લીના મોડાસા ખાતે રોડ રસ્તા (ડુગરવાડા મોડાસા રોડ)ના કામનું ધારાસભ્ય કોગ્રેસના રાજેન્દ્રસિંહ ઠાકોરના વરદહસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું. મોડાસાના આગેવાનો તેમજ શહેર પ્રમુખ ઈકબાલહુસેન ઈમ્પ્રોલિયા તથા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ રેવાભાઈ ભાંભી, મોડાસા નગરપાલિકા કોર્પોરેટર કલાબેન ભાવસાર તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## મેઘરજ પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો

મેઘરજ, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિને અંકુશમાં લેવાની



અપાયેલ સૂચના અને માર્ગદર્શન હેઠળ મેઘરજ પીએસઆઈ જે.પી. ભરવાડને મળેલ બાતમી અનુસાર સ્ટાફ સાથે ગોઠવેલ વોચ અને નાકાબંધી દરમિયાન રાજસ્થાન બાજુથી મેઘરેજ તરફ આવતી ગાડીઓની ચેકિંગ કરી રહ્યા હતા તે દરમિયાન ટાટા સ્પેશીયો ગાડી નં. જીજે-૧૮-એમ-૭૩૯૫ નો પીછો કરતા સ્પેશીયો ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રોડની બાજુમાં આવેલા ગરનાળામાં નાખી દઈ આરોપીઓ અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

ગાડીની અંદર તપાસ હાથ ધરતા વિદેશી દારૂની બોટલ અને ટીન મળી કુલ ૧૦૬૮ જેની કિંમત૧૪૩૮૦૦ મોબાઈલ તેની કિંમત ૧૦૦૦ ગાડીની કિંમત રૂપિયા ૪ લાખ મળી કુલ રૂ. ૫,૪૩,૮૦૦ મુદ્દામાલ કબજે લઈ ગાડીના ચાલક અને મદદગારી કરનાર ઈસમો અમરત ઉર્ફે અમરો બબાભાઈ ડામોર અરજણ ઉર્ફે ઓડી બબાભાઈ ડામોર રહે માંડલી તા. સીમલવાડા, રાજસ્થાન વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી પકડવાની તજવીજ હાથ ધરેલ છે.

## એનસીબી મોડાસા નજીક કારમાંથી જપ્ત કરેલ દોઢ કરોડનો જથ્થો ભારે ગુપ્તતા જાળવી રહી છે

### આરોપીનો કોરોના ટેસ્ટ કરાવી કોર્ટમાં રજુ કરતા ૧ દિવસના રિમાન્ડ મંજુર

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા નજીકથી પસાર થતી દિલ્હી પાસિંગની વાદળી કલરની વેગનઆર કારમાં ગુપ્ત ખાનામાં છુપાવીને લઈ જવાતો રૂ.૧.૫૦ કરોડની કિંમતનો ૧૬ કીલો ચરસનો ગેરકાયદેસર જથ્થો નારકોટીક્સ કન્ટ્રોલ બ્યુરો ટીમે ઝડપી પાડી કાશ્મીરના અબ્દુલ અઝીઝ પઠાણ નામના ડ્રગ પેડલરને ઝડપી લીધો હતો. મંગળવારે બપોરથી આરોપી સાથે સર્કિટ હાઉસમાં મેરેથોન પૂછપરછ હાથ ધરી હતી. સમગ્ર બાબત એનસીબીની ટીમે ભારે ગુપ્તતા જળવાનો પ્રયત્ન કર્યો હતો ત્યારે બુધવારે એનસીબીની ટીમ આરોપીનો કોરોનાના ટેસ્ટ માટે હિંમતનગર સિવિલમાં લઈ જવામાં આવ્યા બાદ આરોપીને મોડાસા નામદાર કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હોવાની માહીતી એનસીબી સૂત્રો પાસેથી મળી હતી બીજા દિવસે પણ એનસીબી ટીમે સત્તાવાર કઈ પણ ટાળ્યું હતું એનસીબીના અધિકારીઓનો સતત સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતાં રહસ્યમય રીતે કંઈપણ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ચરસનો જથ્થો ક્યાં લઈ જવામાં આવતો હતો તે અંગે એનસીબીની ટીમે પડદો પાડી રાખ્યો છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રને પણ સમગ્ર કામીગીરીથી દુરી બનાવી રાખી છે.

રાજયમાં નારકોટીક્સ બ્યુરોની કામગીરી સામે જ સવાલો સર્જાય તેટલા પ્રમાણમાં રાજયમાં ડ્રગ્સનો જથ્થો ડ્રગ પેડલર દ્વારા ઘુસાડાય છે. તાજેતરમાં મુંબઈથી અમદાવાદ લઈ જવાતો રૂ.૧ કરોડની કિંમતનો એમડી ડ્રગ્સનો જથ્થો વડોદરા એક્સપ્રેસ હાઈવેના ટોલપ્લાઝા નજીકથી ઝડપી પડાયો હતો. આ બનાવના ગણતરીના દિવસોમાં જ મોડાસા નજીકથી રૂ.૧.૫૦ કરોડની કિંમતનો અંદાજે ૧૬ કીલો ચરસનો જથ્થો ઝડપાયો હતો. સ્થાનિક પોલીસ



ઉંઘતી ઝડપાઈ હોય એમ આ ગેરકાયદેસર ડ્રગ્સનો જથ્થો રાજય નારકોટીક્સ કન્ટ્રોલ બ્યુરોની ટીમ દ્વારા મોડાસા નજીક ખાનગી કારમાં વૉચ ગોઠવી ઝડપી પડાયો હતો. આ જથ્થાની હેરાફેરીમાં સંડોવાયેલ એક કાશ્મીરી યુવકને ટીમે ઝડપી પાડયો હોવાનું સૂત્રો દ્વારા જણાવાયું હતું. પરંતુ ઝડપાયેલ આરોપી અને ચરસનો જથ્થો મોડાસા ખાતે રેસ્ટ હાઉસમાં લઈ જવાયા બાદ છાપો મારનાર એનસીબી ટીમે આ બનાવમાં વધુ કંઈ પણ માહિતી આપવાની સતત બીજા દિવસે પણ ધરાર ના પાડી રહસ્ય સર્જયું હતું.

તાજેતરમાં જ અમદાવાદ નજીકના ટોલ પ્લાઝા ઉપરથી એમડી ડ્રગ્સનો જથ્થો ક્રાઈક બ્રાન્ચે ઝડપી પાડયો ત્યારે જેના માથે ડ્રગ્સનો જથ્થો કે ડ્રગ્સ માફીયા ઝડપવાની જવાબદારી છે તે વિભાગની કામગીરી સામે જ પ્રશ્નો ઉઠયા હતા. અમદાવાદ ખાતેથી ડ્રગ ઝડપાયાના સમાચાર વીજવેગે રાજયભરમાં પ્રસારીત કરાયા હતા અને ક્રાઈમ બ્રાન્ચની કામગીરી બીરદાવાઈ હતી. જયારે મોડાસા નજીકથી અંદાજે રૂ. દોઢ કરોડ ચરસનો જથ્થો ઝડપી પાડનાર એનસીબી ટીમે રહસ્યમઈ રીતે કંઈપણ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. આરોપીનું નામ, જથ્થો કયાંથી કયાં લઈ જવાતો હતો, કોને પહોંચાડવાનો હતો, એવી માહિતી નહી પૂરી પાડી જવાબદારોએ પ્રશ્નો સર્જયા હતા.

### કાશ્મીરથી વાયા શામળાજી થઈ કરોડો રૂપિયાનું ડ્રગ રાજયમાં ઘૂસાડાય છે

છેલ્લા કેટલાય સમયથી રાજયમાં વિદેશી દારૂ સહિત વિવિધ પ્રકારના ડ્રગના બંધાણીઓ વધ્યા હોય એમ મોટા પ્રમાણમાં ગેરકાયદેસર જથ્થો વાયા શામળાજી થઈ રાજયમાં ઘુસાડાય છે. મોટેભાગે કાશ્મીર કે પંજાબથી સીલ્કરૂટે લઈ આવતા આ ડ્રગ્સના જથ્થા પૈકીનો અમુક જથ્થો ઝડપાય છે. જયારે તેથી વધુના જથ્થાનો ઉપયોગ યુવાધનને બરબાદ કરી રહયો છે. મોડાસા નગરમાં ગાંજાનું ધૂમ વેચાણ અને તેના વધતા જતાં બંધાણીઓ નગરજનો માટે ચીંતા ઉપજાવી રહયા છે.

## ખેડબ્રહ્મા ખાતે પ્રાકૃતિક કૃષિની બે યોજનાનું લોકાર્પણ કરાયું

ખેડબ્રહ્મા, તા. ૧૮

સાત પગલા ખેડૂત કલ્યાણના અંતર્ગત વધુ બે પગલા ભરતી રાજ્ય સરકાર "આત્મનિર્ભર પેકેજ" અંતર્ગત સાબરકાંઠા હિંમતનગરના ધારાસભ્ય રાજેંદ્રસિંહ ચાવડાના અધ્યક્ષાસ્થાને હિંમતનગરના કોટન માર્કેટ યાર્ડ, સહકારી જીન ખાતે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ દેશી ગાય આધારીત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાયના નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના અને પ્રાકૃતિક કૃષિ પધ્ધતી દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કિટમાં ૭૫ ટકા સહાયની યોજનાના લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મદિનની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનુ સૌથી મોટુ સ્વપ્ન છે કે ૨૦૨૨ સુધીમાં જગતના તાત એવા દેશના ખેડૂતોની આવક બમણી થાય અને તે સમૃધ્ધ બને. આ સ્વપ્નને સાકાર કરવા માટે પ્રાકૃતિક ખેતી-ઝીરો બજેટ ખેતી શ્રેષ્ઠ છે. આ ખેતી દ્વારા જંતુનાશકોનો વપરાશ ઘટવાની સાથે પર્યાવરણ સ્વચ્છ થશે અને આવનારી આપણી પેઢીને આપણે સ્વચ્છ અને સ્વસ્થપૂર્ણ ખોરાક આપી શકીશું.

વધુ પડતી રાસાયણીક દવાઓ અને ખાતરોના ઉપયોગથી આજે કેન્સર જેવી ઘાતક બીમારીઓનું પ્રમાણ વધ્યું છે. આ બધુ રોકવા માટે દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી એક માત્ર ઉપાય હોઈ શકે. આ ખેત પધ્ધતીમાં ખેડૂતને તમામ વસ્તુઓ પોતાની પાસેથી ઉપલબ્ધ હોવાથી કોઈ ખર્ચ ન થાય અને ગાયના નિભાવ માટે રાજ્યની સંવેદનશીલ સરકાર ખેડૂતને મહિને રૂ. ૯૦૦ આપે છે. આ ગાય થકી મળનાર દૂધ ખેડૂત પરીવારનું પોષણ કરશે. આજે બજારમાં ઓર્ગેનિક ઉત્પાદનના ભાવ ખુબ જ ઉંચા છે. આ ખેત પધ્ધતી ભારતની આવનારી પેઢીને સ્વસ્થ અને તંદુરસ્થ બનાવશે તેવો મને વિશ્વાસ છે.

આ પ્રસંગે એ.પી.એમ.સી.ના ચેરમેન જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે આપણી રાજ્ય સરકાર ખેડૂતોની સરકાર છે. ખેડુતલક્ષી સરકાર છે. સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ખેત ઉત્પાદનની ટેકાના ભાવે ખરીદી, ઓછામાં ઓછા વ્યાજે લોન, પાક સહાય વિમો વગેરે જેવા નિર્ણયો થકી ખેડૂતોના વિકાસને વધુ સરળ બનાવ્યો છે.